

ગાંધીનગર-મહુડી માર્ગ પર આવેલી મહર્ષિ અત્રિ તપોવન શાળા પીંપળજના ભૂતપૂર્વ વિદ્યાર્થી રેનીશ જગદીશભાઈ પટેલે કોરીયા ખાતે કરાટેની તાલીમ મેળવીને બ્લેકબેલ્ટ મેળવ્યો છે તે બદલ શાળા પરિવારે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

# સાદરા ખાતે રકતદાન શિબિર યોજાઈ

૩૦ જાન્યુઆરી પૂજ્ય ગાંધી બાપુની પુણ્ય સ્મૃતિમાં સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને સહયોગ મંડળ ગાંધીનગર, બાયોગેસ સંશોધન કેન્દ્ર તેમજ બાયોગેસ વિભાગ, ગૃહ વિજ્ઞાનના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન ગુજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે યોજાઈ હતી. જેમાં ભાઈ બહેનોએ ઉત્સાહભેર રકતદાન કરતા ૫૩ યુનિટ રકત એકત્ર થયુ હતું. આ પ્રસંગે સંસ્થાના ડીન નિખીલભાઈ ભટ્ટ, જિજ્ઞેશભાઈ પટેલ, જીતુભાઈ સોલંકી, દિનેશભાઈ રાણા, સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા. જયારે અમદાવાદની રેડક્રોસ સોસાયટીના સ્ટાફના કર્મચારીઓનો રકત એકત્ર કરવામાં સહકાર સાંપડ્યો હતો. શિબિરમાં સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સભ્યો ઉપસ્થિત રહીને શિબિરને સફળ બનાવી હતી.

# ક્ષત્રિય ઠાકોર સેનાના બે ભાગલા પડયા


## રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાની બેઠક એસપી રીસોર્ટ ખાતે યોજાઈ, રવિવારના રોજ રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાની રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના નામે ગુજરાતભરમાં સભાઓ અને બેઠકો યોજીને ઠાકોર સમાજના ભાઈઓને ભેગા કરીને પોતાનું રાજકીય કદ વધારીને રાજકીય પક્ષમાં પોતાની મનમાની ચલાવતા હાલ રાધનપુર બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરની ક્ષત્રિય ઠાકોર સેનાના બે ભાગ પડી ગયા છે. અલ્પેશ ઠાકોરના એક સમયના સાથી અને નજીકના ખાસ ગણાતા રમેશજી ઠાકોરે ગાંધીનગરમાં ઠાકોર સમાજના અગ્રણી એસ.પી.ઠાકોર સાથે મળીને નવો મોરચો ખોલ્યો છે. રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાના નામે આ બંન્ને અગ્રણીઓ રવિવારના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણીથી વિવિધ માર્ગો પર પસાર થઈને ચિલોડા સુધી રેલી યોજશે. આ વાહન રેલીમાં રાજયભરમાંથી ૩ હજાર જેટલા ઠાકોર સમાજના સમર્થકો હાજર રહેશે. જયારે વાહન રેલીમાં બાઈક, કાર, ટ્રેકટર સહિતના વાહનો મોટીસંખ્યામાં હશે.

રોયલ ક્ષત્રિય ઠાકોર સેના બનાવી સમાજનું ખરુ હિત કરવાના દાવા સાથે રમેશજીએ અલ્પેશને બે મોંઢાવાળા મતલબી આગેવાન કહ્યા હતા. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે મારા જેવા અનેક ઠાકોર સમાજના ભાઈઓ ભેગા મળીને ઠાકોર સેના ઉભી હતી અને તેનો ચહેરો અલ્પેશ ઠાકોર બની ગયા હતા.તેમના પોતાના સ્વાર્થને લઈ સમાજે ઘણું બધુ ગુમાવ્યાનો વારો આવ્યો છે. ચુંટણી સમયે ભાજપ તરફથી ઠાકોર સમાજના આગેવાનોને યોગ્ય સ્થાન આપવાની વાત કરવામાં આવી હતી. પરંતુ અલ્પેશ ઠાકોરે પોતાના માટે ડે.સીએમનું પદ માંગ્યું અને સમાજે ઘણુ બધુ ગુમાવ્યું છે. અલ્પેશ ઠાકોર અંગત ફાયદા માટે કામ કરી રહ્યા છે.ઠાકોરસેનાના મુળ્ ઉદેશ્ય ભુલાઈ ગયા છે. ત્યારે ૨૦૧૯માં અલ્પેશ ઠાકોર કોંગ્રેસના સમર્થનમાં ક્ષત્રિય ઠાકોર સેના નો ઉપયોગ કરે તો તેને તોડવા માટે ભાજપે રોયલ ક્ષત્રિય ઠાકોર સેના ઉભી કરી હોય તેમ લાગી રહ્યું છે.

# અંદાજપત્રને ફૂલડે વધાવતો મધ્યમ વર્ગ



"કોઈપણ સરકારનું છેલ્લુ બજેટ હોય તેમાં સ્વાભાવિક રીતે લોક ઉપયોગ અને થોડુક પ્રજાને હાંશ કરાવે તેવુ જ હોય છે. પાંચ લાખની આવક સુધી કોઈ ટેક્સ ન આવવાથી મધ્યમવર્ગને મોટી રાહત મળી છે. આ બજેટમાં સરકારે રોજગાર ક્ષેત્રે નવી તકો માટે અને ઉદ્યોગીકરણને વેગ આપે તેવી કેટલીક યોજનાઓ ઉમેરવારની જરૂર હતી તથા બજેટમાં જીએસટીને લગતી કેટલીક પ્રક્રિયા વધારે સરળ કરવાની જરૂર હતી. બજેટમાં ખેડૂતને મોટી રાહત આપી જગતના તાત પર ઘણા આશીર્વાદ લીધા છે."

**- કપિલ શાહ, બંધારણીય નિષ્ણાત**


●●●



"કેન્દ્ર સરકારના આ બજેટ જોતા એવુ લાગે છે કે સરકારે મધ્યમ વર્ગ અને ખેડૂતોને વધારે પ્રાધાન્ય આપ્યુ છે. આ બજેટ વિશેષ રીતે ચૂંટણીલક્ષી જ બજેટ છે. તેમ કહીએ તો ખોટુ નથી."

**- નરેન પરમાર શિક્ષક, ગાંધીનગર**

●●●



"સરકારે પોતાના છેલ્લા બજેટમાં પાંચ લાખ સુધીની આવકની મર્યાદામાં કર મુક્તિ કરવાનો નિર્ણય ખુબ સરહાનીય છે. આ નિર્ણયથી ગરીબ, મધ્યમવર્ગ અને નોકરીયાત વર્ગને મોટી રાહત થશે. એકંદરે આ બજેટ ચૂંટણીલક્ષી કહી શકાય."

**- પંકજ ગોસ્વામી - સી.એ. ગાંધીનગર**

●●●



"૨૦૧૯નું બજેટ વિકાસલક્ષી બજેટ છે. આ બજેટમાં દેશના તમામ વર્ગનું ધ્યાન રાખવામાં આવ્યુ છે. રૂ. પાંચ લાખની આવકની મર્યાદા માટે જે નિર્ણય લેવાયો તે ખુબ આવકારવા લાયક છે. આ બાજેટમાં સમાજના નાના-માં નાના વ્યક્તિને ધ્યાનમાં લેવામાં આવ્યા છે. ડિફેન્સ માટે જે ૩૦૦૦ કરોડનું બજેટ ફળવાયુ છે તે ખુબજ જોરદાર છે."

**- સતિષ પ્રજાપતિ - વકીલ, ગાંધીનગર**

●●●

"૨૦૧૯નું કેન્દ્રનું બજેટ મધ્યમવર્ગને ખુશ કરનારૂ અને લોકપ્રિય બજેટ છે. સરકારે તમામ વર્ગને કર બાબતે મોટી છૂટ આપી છે. સરકારે ટીડીએસમાં પણ રાહત કરી મોંઘવારી પર થોડી રાહત કરી આપી છે."

**- ચેતના પંડ્યા - ગાંધીનગર**

●●●



"આ બજેટ સંપૂર્ણરીતે ચૂંટણીલક્ષી બજેટ છે. સરકારે આવકમર્યાદામાં છૂટ આપી કેટલાય છૂપા ટેક્સ પાછલા બારણે લઈ રહી છે જે સામાન્ય નાગરિકની સમજની બહાર છે. અગાઉની સરકારમાં ૧૦ વર્ષમાં ૧૩૧ ટકા ડીએ સુધી સરકાર દ્વારા કર્મચારીઓને આપવામાં આવ્યુ હતુ. આ સરકારમાં ૩ વર્ષમાં હજી સુધી માત્ર ૯ ટકા જ ડીએ આપવામાં આવ્યું છે."

**- ગૌરાંગ પરમાર - યુવાન, ગાંધીનગર**

●●●



"કેન્દ્ર સરકારે જાહેર કરેલા બજેટમાં ગરીબ અને મધ્યમ વર્ગને ખરેખર મોટો ફાયદો કરી આપ્યો છે. સરકારે સામાન્ય વર્ગને ધ્યાનમાં રાખીને બનાવેલા આ બજેટથી સરકારને ચૂંટણીમાં ઘણો ફાયદો થશે, જ્યારે સરકારે કેટલાક સામાન્ય નાગરિકોને લગતા મુદ્દાઓ બાબતે પણ બજેટમાં સમાવેશ નથી કર્યો. સરકારે એ તરફ પણ થોડુ ધ્યાન આપવાની જરૂર હતી."

**- રાજેશ ઉપાધ્યાય - શિક્ષક, ગાંધીનગર**



"આ બજેટ પ્રજાલક્ષી, આ બજેટ મહિલાઓને પણ ઘણા ફાયદારૂપ છે.

મોદી સરકારે લીધેલા પગલાની અસરથી કમરતોડ મોંઘવારીની કમર તોડી નાખી છે. ઉપરાંત સરકારે ટેક્સમાં જે રાહત આરપી છે. જેથી ઘણા મોટા ફાયદા નાગરિકોનો મળશે."

**- કિરણ હિરવાણીયા - ગૃહિણી**

## સ્ટોર્મ ઓવરસીઝ-કાનન ઈન્ટરનેશનલ આયોજિત

# મેગા એજયુકેશન ફેરમાં અભ્યાસ અર્થે વિદેશ જવા માંગતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન

## અઢી હજારથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયા, શિષ્યવૃત્તિ તેમજ નવા અભ્યાસક્રમો સહિતની સચોટ માહિતી મેળવી

ગાંધીનગર, તા.૧

વર્તમાન સમયમાં શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે સફળતા સાથે ઉત્તમ કારકીર્દિ ઘડવાનો પડકાર આજની યુવા પેઢી સામે ગંભીર બની રહ્યો છે ત્યારે દિશામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને પણ પૂરતું અને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે જરુરી છે. ગાંધીનગરની સંસ્થા સ્ટોર્મ ઓવરસીઝ અને કાનન ઈન્ટરનેશનલ વડોદરાના સંયુકત ઉપક્રમે મહાત્મા મંદિર ખાતે ૧લી ફેબ્રુઆરી ૨૦૧૯, શુક્રવારના રોજ પાટનગરમાં સૌ પ્રથમવાર મેગા એજયુકેશન ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉચ્ચ અભ્યાસ તેમજ ઉત્તમ કારકિર્દી માટે કેનેડા, યુ.એસ.એ. જવા ઈચ્છુક વિદ્યાર્થીઓને વિનામૂલ્યે સંપૂર્ણ માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.



સ્ટોર્મ ઓવરસીઝ અને કાનન ઈન્ટરનેશનલ દ્વારા ગાંધીનગરમાં મહાત્મા મંદિરના પરિસર ખાતે આયોજિત આ મેગા એજયુકેશન ફેરમાં ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવા ઈચ્છુક અઢી હજારથી વધુ વિદ્યાર્થીઓને એક જ સ્થળે કેનેડા અને યુએસએની ૫૪થી વધુ પ્રતિષ્ઠિત કોલેજો તથા યુનિવર્સિટીઓના ડેલીગેટસ દ્વારા એડમિશન પ્રક્રિયા, શિષ્યવૃત્તિની તકો અને નવા અભ્યાસક્રમે વિશે ફેસ ટુ ફેસ માહિતી પુરી પાડી ઉત્તમ કારકિર્દીના ઘડતર માટે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. સ્ટોર્મ ઓવરસીઝના કલ્પેશ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે વિદેશની કોલેજ તથા યુનિવર્સિટીના પ્રતિનિધિઓ સમક્ષ રૂબરૂ બેસવાની તક સાથે વિદેશ અભ્યાસ તેમજ કારકિર્દી માટે બંને સંયોજક સંસ્થાઓ દ્વારા ઘર આંગણે જ સુવિધા મળતાં વિદ્યાર્થીઓને આ દિશામાં મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ મળી જતાં તેમનો ઉત્સાહ પણ બેવડાયો હતો. સંસ્થાઓના આ આયોજનને વિદ્યાર્થીઓ અને



વાલીઓએ હૃદયપૂર્વક બિરદાવી ભવિષ્યમાં પણ ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં આ પ્રકારના એજયુકેશન ફેર યોજાતા રહે એવી શુભેચ્છા સાથે આભારની લાગણી વ્યકત કરી છે. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા બિનઅનામત આયોગ તરફથી વિદેશ અભ્યાસ માટે ૧૫ લાખની તથા બક્ષીપંચ માટે પણ ૧૫ લાખની એજયુકશન લોન આપવામાં આવે છે.

મેગા એજયુકેશન ફેરના પ્રારંભ સમયે યોજાયેલ સમારોહમાં ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ), કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર હિમાંશુભાઈ પંડયા, ગુજરાત નોલેજ સોસાયટીના સીઈઓ કે.બી ઉપાધ્યાય સહિત અન્ય મહાનુભાવો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સહાયક અધ્યાપકોના પગાર કયારે વધશે

ગાંધીનગર,તા.૧

ગુજરાતની વિવિધ કોલેજમાં સહાયક અધ્યાપકો તરીકે ફરજ બજાવતા ૭૦૦ થી વધુ અધ્યાપકો છેલ્લા કેટલાક વર્ષોથી પગાર વધારાની રાહ જોઈને બેઠા છે. સરકાર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા આજદિન સુધી સરકારના કાને સહાયક અધ્યાપકોની રજુઆત સંભળાતી નથી. ત્યારે રાજય સરકાર દ્વારા સહાયક અધ્યાપકોના પગારમાં વધારો થાય તેની રાહ જોઈને બેઠા છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજય સરકાર દ્વારા ખાસ શિક્ષકો અને અન્ય કર્મચારીઓ માટે સાતમા પગાર પંચને લઈને નિતીઓ બનાવાઈ હતી. જેમાં સાતમા પગાર પંચ મુજબ ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા ફિકસ કર્મચારી શિક્ષકને ૩૯ હજાર જેટલો પગાર મળે છે. જયારે ધો-૮,૯ અને ૧૦માં ફરજ બજાવતા શિક્ષકોને ૩૧ હજાર પગાર મળે છે. જયારે રાજયભરની વિવિધ ગ્રાન્ટેડ કોલેજમાં સહાયક અધ્યાપક તરીકે ફરજ બજાવતા ૭૦૦ થી વધુ કર્મચારીઓને ૫૭,૭૦૦ ના સ્થાને માત્ર ૪૦,૧૭૬ પગાર મળે છે. સરકારની ભેદભાવભરી નિતીને પગલે આ સહાયક અધ્યાપકોને શિક્ષકો કરતા ૧૭ હજાર પગાર ઓછો મળે છે. તેમ છતા રાજયની વિવિધ કોલેજમાં છેલ્લા ૭ વર્ષથી વધુના સમયથી પગાર વધારાની માંગ સાથે સહાયક અધ્યાપકો ફરજ બજાવી રહ્યા છે. સાતમાં પગાર પંચ મુજબ ફિકસ પગારમાં ફરજ બજાવતા સહાયક અધ્યાપકના પગારમાં વધારો થયો નથી.જયારે આજના સમયે કાયમી તરીકે ફરજ બજાવતા કર્મચારીઓના પગારમાં સાતમું પગારપંચમાં તોંતિગ વધારો જોવા મળી રહ્યો છે.ત્યારે સહાયક અધ્યાપકો છેલ્લા કેટલાક સમયથી મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને પગાર વધારા માટે લેખિત તેમજ મૌખિક રજુઆત કરી ચુક્યા છે પરંતુ આજદિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.ત્યારે રાજયના ૭૦૦ થી વધુ સહાયક અધ્યાપક તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ પગારવધારાની રાહ જોઈને બેઠા છે.

# ગાંધીનગર જિલ્લાના ખેડૂતો જોગ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના તમામ બાગાયતદાર ખેડૂતોને જણાવવાનુ કે ચાલુ નાંણાકીય વર્ષ : ૨૦૧૮-૧૯ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી યોજનાઓના વિવિધ ઘટકોમાં સહાય મેળવવા માટે આઈ-ખેડૂત પર ઓનલાઈન અરજી કરેલ બાગાયતદાર ખેડુતો કે જેમને અત્રેની કચેરીએથી જે તે યોજનામા મંજુરી મળેલ હોય તેવા ખેડુતોએ તા-૭-૨-૨૦૧૯ સુધીમાં જરૂરી ખરીદી અંગેના સાધનીક કાગળો અત્રેની કચેરીએ પહોચતા કરવા તથા સ્થળ ચકાસણી સમયે જણાવવામાં આવેલ ખુટતા પુરાવા સમયમર્યાદામાં રજુ કરવા જેથી સહાય ચુકવણા અંગેની કામગીરી ઝડપથી કરી શકાય. અન્યથા આપના દ્વારા જણાવેલ સમયમર્યાદામાં સાધનીક કાગળો રજુ કરવામાં નહિ આવે તો આપની અરજી આપોઆપ રદ થશે. ઉપર જણાવેલ સાધનીક કાગળો નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સહયોગ સંકુલ, પાંચમો માળ, સી-બ્લોક, સેક્ટર-૧૧, ગાંધીનગરમાં અચુક જમા કરાવવાના રહેશે.વધુ માહિતી માટે ફોનનં-૦૭૯-૨૩૨૫૭૭૬૦ પર સંપર્ક કરવા નાયબ બાગાયત અધિકારીએ જણાવ્યું છે.

# ગાંધીનગર જિલ્લામાં મતદાર તરીકે લાયકાત ધરાવતા દરેક નાગરિકની મતદાર તરીકે નોંધણી માટે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર એસ.કે. લાંગાના અધ્યક્ષ સ્થાને આજરોજ VVIP (Voter Verification and Infromation Programme) અંતર્ગત એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ દ્વારા વર્ષ-૨૦૧૯ ને' કોઇ પણ મતદાર રહી ના જાય' (No Voter to be Left Behind) જાહેર કર્યો છે. આ સંદર્ભમાં મતદાર તરીકેની લાયકાત ધરાવતા કોઈપણ નાગરિક મતદાર તરીકે નોંધણી માટે બાકી રહી ના જાય તે ખૂબ જ જરૂરી છે. આ માટે ચૂંટણી પંચ દ્વારા વિશેષ કાર્યક્રમ VVIP (Voter Verification and Infromation Programme)નું આયોજન કરવામાં આવ્યું છે. ચૂંટણી પંચની આ અંગેની સુચનાનુસાર આ કાર્યક્રમને ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવાની છે. આ ઝુંબેશ અન્વયે મતદાર તરીકે લાયકાત ધરાવતા દરેક નાગરિક મતદાર તરીકે નોધાય તે પણ સુનિશ્ચિત કરવાનું રહે છે. આ કાર્યક્રમના ભાગરૂપે મતદારોને તેમના મતદાન મથક, બુથ લેવલ ઓફિસર, મતદાર નોંધણી અધિકારી તથા ચુંટણી પ્રક્રિયા સંબંધી અન્ય આવશ્યક પ્રાથમિક વિગતોની જાણકારી મળી રહે તે મુજબ પણ પ્રચાર કરવામાં આવશે.

વધુમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, મતદાર યાદી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર, સંબંધિત મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી, સંબંધિત મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી, ગ્રામ પંચાયત કચેરી, નગરપાલિકા/પંચાયત કચેરી અને સંબંધિત બુથ લેવલ ઓફિસર પાસેથી મતદાર યાદી જોઇ શકાશે. મતદારોને તેઓના નામ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in અને www.nvsp.in પરથી જાણી શકશે. તેમજ હેલ્પલાઈન નંબર-૧૯૫૦ પરથી પણ જાણી શકાશે. મતદાર યાદીમાં નવું નામ ઉમેરવા, પ્રથમ વખત મતદારના કિસ્સામાં ફોર્મ નંબર-૬ ભરીને સંબંધિત કચેરી ખાતે રજૂ કરવાનું રહેશે. મરણ અને સ્થળાંતરના કિસ્સામાં મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ નં-૭, મતદારયાદીમાં મતદારનો ફોટો, જન્મ તારીખ, નામ, અટક, સબંધીનું નામ, ઘર નંબર જેવી વિગતો સુધારવા માટે ફોર્મ નંબર-૮ ભરીને સંબંધિત કચેરી ખાતે રજૂ કરી શકશે. વિધાનસભા મતવિભાગમાં એક ભાગમાંથી અન્ય ભાગમાં નામ સ્થળાંતર કરવા માટે ફોર્મ નંબર-૮ ક ભરવાનું રહેશે.

**ટચુકડી**
**જાહેર ખબર**
**દર ગુરુવારે-રવિવારે**
**ગાંધીનગર સમાચાર**
**ફોન : ૨૩૨૨૨૫૭૧**

## ટેન્ડર નોટીસ

સેકટર-૩૦થી સંચાલિત ઉદયભાણસિંહજી સહકારી સંસ્થાને ધોબીના કામો માટે વાર્ષિક ધોરણે એજન્સીઓ નિમવાની થાય છે. રસ ધરાવનાર એજન્સીઓ / વ્યક્તિઓએ જાહેરાત પ્રસિદ્ધ થયે સંસ્થાનમાં રૂબરૂ આવી ટેન્ડર મેળવી તે પ્રમાણે બંધ કવરમાં ભાવ ભરી દિન-૭માં સંસ્થાનમાં પહોંચતા કરવાના રહેશે. વધુ માહિતી માટે **સંપર્ક નં. ૨૩૨૬૦૭૮૩, ૨૩૨૬૧૭૧૫**

## ઓનલાઈન જાહેર નિવિદા નં. એબી/૨ સને ૨૦૧૮-૧૯

**નાયબ કાર્યપાલક ઈજનેર પાટનગર યોજના પેટા વિભાગ નં.૫**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૫, નિર્માણ ભવન, ચોથો માળ, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦ ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૦૩૧ની કચેરી તરફથી બે કામ જેની અંદાજીત રકમ રૂ. ૨.૯૮ લાખ અને રૂ. ૨.૭૬ લાખ સુધીની છે. જેના માટે ટેન્ડરના દસ્તાવેજો અત્રેની વેબસાઈટ www.rnb.nprocure.com ઉપર તા. ૬/૨/૨૦૧૯ના ૧૭.૦૦ કલાક સુધી જોવા મળી શકશે અને ભરી શકશે. શક્ય હશે તો તા. ૬/૨/૨૦૧૯ના રોજ ૧૭.૧૫ કલાકે ટેન્ડર બીડ ઓપનીંગ કરવામાં આવશે.

ટેન્ડર ફીનો ડી.ડી. બાનાની રકમની એફ.ડી.આર. અને જરૂરી યોગ્યતા અંગેના ડોક્યુમેન્ટ ઓનલાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચુક અપલોડીંગ કરવાના રહેશે. ઓનલાઈન સ્કેન કરેલ ડોક્યુમેન્ટ જ માન્ય ગણવામાં આવશે. અલાયદી હાર્ડ કોપી સ્વીકારવામાં આવશે નહીં. તેમજ ટેન્ડર ફી તથા બાનાની રકમ એફ.ડી.આર. આ કચેરીમાં રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી તા. ૧૪/૨/૨૦૧૯ સુધીમાં કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે.

વધારાના માહિતી અને વિગતવાર નિવિદા માટે કચેરી સમય દરમિયાન રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે. ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૨૮૦૩/૧૮-૧૯

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : mktg@kalpatarupower.com

**Extract of Standalone Unaudited Financial Results for the Quarter and Nine Months ended December 31, 2018**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter Ended December 31, 2018 | Nine Months Ended December 31, 2018 | Quarter Ended December 31, 2017 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 172,466 | 462,369 | 141,737 |
| 2 | Net Profit for the period (before tax and exceptional and / or extraordinary items) | 14,121 | 40,592 | 11,513 |
| 3 | Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 14,121 | 40,592 | 11,513 |
| 4 | Net Profit for the period (after exceptional and / or extraordinary items and tax) | 9,201 | 26,442 | 7,523 |
| 5 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 9,579 | 25,990 | 7,132 |
| 6 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 |
| 7 | Other Equity* | | | |
| 8 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | |
| | a) Basic | 6.00 | 17.23 | 4.90 |
| | b) Diluted | 6.00 | 17.23 | 4.90 |

*Other equity for the year ended as at March 31, 2018 was ₹ 2,73,935 Lakhs.

**Notes:**

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**.

2 Revenue for the period upto June 30, 2017 includes excise duty collected from customers. Revenue from July 01, 2017 onwards is exclusive of Goods and Service tax which subsumed excise duty.

3 The Company has adopted Ind AS 115 "Revenue from contract with customer" with effect from April 1, 2018, with a modified retrospective approach. The cumulative effect of initial application of Ind AS 115, has been adjusted in opening retained earnings, which is not material, as permitted by standard. Similar impact on the financial results of the quarter and nine months ended December 31, 2018 is not material.

4 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on February 1, 2019. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.

For and on behalf of the Board of Directors

**Manish Mohnot**
**Managing Director & CEO**
**DIN:01229696**

**Place : Mumbai**
**Date : February 1, 2019**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:

a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.

b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with rahul.shah@kalpatarupower.com quoting your name and folio number.